પરીપત્ર નં.- ૧૫૧

જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૪૩૮
ખાતાનું નામ: યોજના
તારીખ: ૨/૮/૨૨
સહી:

ક્રમાંક: મઉમશબ/સંશોધન/2022/9355-9391
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.31/07/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- " હર ઘર તિરંગા " કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત.

સંદર્ભ:- (1) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક: પરચ/122021-188-વ.2 તા.22/07/2022

(2) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2022/9072-9107 તા.26/07/2022

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર-2 અન્વયે અત્રેની કચેરી દ્વારા " આઝાદી કા અમૃત મહોત્સવ " ની ઉજવણી અંતર્ગત તા.13 ઓગષ્ટ, 2022 થી 15 ઓગષ્ટ 2022 દરમ્યાન " હર ઘર તિરંગા " કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ઘરો, દુકાનો ઉદ્યોગ અને વેપારી ગૃહો, સરકારી અને ખાનગી કચેરીઓ વિગેરે તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે અને તે થકી લોકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના જાગે તે હેતુસર આ કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજન થાય તે માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવેલ છે. તા.02 ઓગષ્ટ-2022થી નીચે જણાવેલ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતુ.

- તિરંગાના મહત્વ પર વક્તૃત્વ સ્પર્ધા- નિબંધ લેખન સ્પર્ધા.
- ચિત્ર દ્વારા/ કાપડ પર/ આર્ટ અને ક્રાફ્ટ દ્વારા તિરંગો બનાવવાની સ્પર્ધા.
- તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા.
- ભારતના રાષ્ટ્રધ્વજની વિકાસ યાત્રા-પ્રદર્શન (વિદ્યાર્થી જાતે ચાર્ટ પેપર પર ધ્વજ દોરી તેનો ઇતિહાસ લખી પ્રદર્શિત કરે).

**<u>સ્પર્ધાઓના આયોજન માટેના તબક્કાઓ અને સમયગાળો</u>**

- શાળા કક્ષાએ તા.02/08/2022 થી તા.04/08/2022 દરમિયાન સ્પર્ધાઓ યોજવાની રહેશે. સ્પર્ધા યોજીને પસંદ કરેલ વિદ્યાર્થીને SVS કક્ષાએ મોકલવાના રહેશે. SVS કક્ષાએ તા.06/08/2022 થી તા.08/08/2022 દરમિયાન સ્પર્ધાઓ યોજવાની રહેશે. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપી વિજેતાઓને પ્રોત્સાહીત કરવાના રહેશે. પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાના રહેશે.
- જિલ્લા કક્ષાએ તા.12/08/2022ના રોજ સ્પર્ધાઓ યોજવાની રહેશે. સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપી વિજેતાઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

હર ઘર તિરંગા ઝુંબેશ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, અને અન્ય નાગરિકો નીચે જણાવેલ માધ્યમથી રાષ્ટ્રધ્વજની ખરીદી કરી શકશે.

- **<u>હર ઘર તિરંગા (HGT) - ફ્લેગ ખરીદી માધ્યમ</u>**
  - સ્વ-સહાય જૂથો (SHGs) દ્વારા રાષ્ટ્રધ્વજ તૈયાર કરવામાં આવે છે. તેઓની પાસેથી રાષ્ટ્રધ્વજ ખરીદી શકાય છે.
  - સ્થાનિક ટેલરિંગ યુનિટસ અને MSMEs ને પણ રાષ્ટ્રધ્વજના ઉત્પાદન માટે જોડાવામાં આવ્યા છે.

Scanned with CamScanner

- ❖ ટેક્સટાઇલ મંત્રાલયે ફ્લેગ ઉત્પાદકોને નક્કી કરેલ છે કે, જેઓ જરૂર પડયે મોટી માત્રામાં ફ્લેગ સ્પલાય કરી શકે છે.
- ❖ દેશની તમામ 1.6 લાખ પોસ્ટ ઓફિસો પણ વેચાણ માટે રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ કરાવશે.

- <u>હર ઘર તિરંગા (HGT) - ઇ - કોમર્સ પ્લેટફોર્મ</u>
  - ❖ દેશની તમામ 1.6 પોસ્ટ ઓફિસો પણ વેચાણ માટે રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. તથા જિલ્લા કક્ષાએ સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ ખાદી ગ્રામ ઉદ્યોગ ભંડાર તથા અન્ય સરકાર માન્ય સંસ્થાઓ માથી જરૂર મુજબના રાષ્ટ્રધ્વજની ખરીદી કરવાની રહેશે.
  - ❖ તદઉપરાંત Amazon, Flipkart, IndiaMart, Etsy, National Flag shop ઇ-કોમર્સ પ્લેટફોર્મના માધ્યમથી પણ રાષ્ટ્રધ્વજની ખરીદી કરી શકશે.

- <u>હર ઘર તિરંગા (HGT) - વેબસાઇટ</u>
  - ❖ હર ઘર તિરંગા અભિયાનમાં ભાગ લેવા માટે <u>https://harghartiranga.com</u> વેબસાઇટ તૈયાર કરવામાં આવેલ છે.
  - ❖ "સેલ્ફી વિથ ફ્લેગ" લોકો ફ્લેગ સાથે પોતાનો ફોટોગ્રાફ અપલોડ કરી શકે છે.

ઉક્ત વેબસાઇટ પર શાળાઓના તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ રાષ્ટ્રધ્વજ સાથે સેલ્ફી લઇ ઉક્ત વેબસાઇટમાં અપલોડ કરવાની રહેશે.

- <u>હર ઘર તિરંગા (HGT) ઝુંબેશ વિશે અન્ય મહત્વના મુદ્દા</u>
  - ❖ VVIP ટવીટ દ્વારા 22 મી જુલાઇના રોજ હર ઘર તિરંગા ઝુંબેશની સત્તાવાર શરૂઆત કરવામાં આવેલ છે.
  - ❖ ટવીટર પ્લેટફોર્મ ઉપર #HarGharTiranga ટવીટ દ્વારા આ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.
  - ❖ તમામ શાળાના શિક્ષકો/વિદ્યાર્થીઓને હર ઘર તિરંગા વેબસાઇટ તથા ટવીટર પ્લેટફોર્મ ઉપર #HarGharTiranga પર રાષ્ટ્રધ્વજ સાથે સેલ્ફી અપલોડ કરવા સૂચના આપવાની રહેશે.

ઉક્ત " હર ઘર તિરંગા " કાર્યક્રમ અંતર્ગત આ સાથે સામેલ પત્રક-01ની માહિતી તા.02 ઓગષ્ટ થી 12 ઓગષ્ટ દરમ્યાન કરવામાં આવેલ કાર્યક્રમની વિગતો આપની કક્ષાએથી સંકલિત કરી તા.13 ઓગષ્ટ-2022ના રોજ સંશોધન શાખાના ઇ-મેઇલ પર મોકલી આપવાની રહેશે. તેમજ પત્રક-02ની માહિતી તા.17/08/2022ના સાંજના <u>5.00 કલાક</u> સુધીમાં સંશોધન શાખાના ઇ-મેઇલ પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

પરિપત્ર નં. 149

ક્રમાંક: સંશો/હર ઘર તિરંગા/૨૦૨૨/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા. ૦૨/૦૮/૨૦૨૨

ઉપરોક્ત પરિપત્ર અન્વયે જાણ તથા અમલ માટે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓ તમામ,
જિલ્લો- અમરેલી.

Scanned with CamScanner

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## પત્રક-૦૧

હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત કરેલ પ્રવૃત્તિઓની વિગત

તા. /૦૮/૨૦૨૨

| ક્રમ | જિલ્લો | સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | કુલ | તિરંગાના મહત્વ પર વક્તૃત્વ સ્પર્ધા-નિબંધ લેખન સ્પર્ધા. | ચિત્ર દ્વારા/ કાપડ પર/ આર્ટ અને ક્રાફ્ટ દ્વારા તિરંગો બનાવવાની સ્પર્ધા | તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | શાળા કક્ષા | SVS કક્ષા | જિલ્લા કક્ષા | | | | |
| 1 | | | | | | | | |
| 2 | | | | | | | | |
| | કુલ:- | | | | | | | |

Scanned with CamScanner

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## પત્રક-૦૨

### હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત કરેલ પ્રવૃત્તિઓની વિગત

| ક્રમ | જિલ્લો | સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | કુલ | કેટલા વિદ્યાર્થીઓના ઘર પર તિરંગો લહેરાવ્યો તેની સંખ્યા | કેટલા શિક્ષકોના ઘર પર તિરંગો લહેરાવ્યો તેની સંખ્યા | તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા | તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરેલ શિક્ષકોની સંખ્યા | વૃક્ષારોપણ કરેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શાળા કક્ષા | SVS કક્ષા | જિલ્લા કક્ષા | | | | | | |
| 1 | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | |
| | કુલ:- | | | | | | | | | |

Scanned with CamScanner